GJCU020008502019

રજુ થયા તારીખ : ૧૨–૦૭–૨૦૧૯
દાખલ થયા તારીખ : ૧૨–૦૭–૨૦૧૯
ફેસલ થયા તારીખ : ૦૨–૦૫–૨૦૨૬
**અવધિ : વર્ષ: , માસ: , દિવસ:**

---

**મહે. છોટાઉદેપુરના અધિક જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુ. છોટાઉદેપુર**

---

**ફો.કે.નં.૬૭૧/૨૦૧૯**

**આંક–**

**શ્રી સરકાર** ..... ..... ફરીયાદી

**વિરુધ્ધ**

**સુખલાલ ભુરસીંગભાઈ જામોદ,**
ઉ.વ.આ. ૪૫, રહે. બીજલપુરની પાસે,
૫૩ છાપરી વસ્તી બીજલપુર ઇંદોર,
જી.ઇંદોર(એમ.પી.) ..... ..... આરોપી

**ગુન્હો:– બોમ્બે પ્રોહિબીશન એકટની કલમ–૬૬(૧)બી, ૮૫(૧)૩ મુજબ...**

---

**ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રી :– એસ.એસ.મન્સુરી**

**આરોપીપક્ષે વિધ્વાન વકીલશ્રી :– એન.જે.રાઠવા**

---

## JUDGEMENT

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.૦૭/૦૩/૨૦૧૯ ના રોજ ક.૨૦:૦૦ વાગે મોજે હલદી મહુડી નજીક ત્રણ રસ્તા પાસે આ કામના આરોપી વગર પાસ પરમીટે કેફી પીણાનો નશો કરી લથડીયા ખાતા બકવાસ કરતા મળી આવતા આરોપીએ પ્રોહી એકટની કલમ– **૬૬(૧)બી,**

૮૫(૧)૩ મુજબનો ગુનો કરેલ હોય. ગુન્હો કર્યાની ફરીયાદ અનુસંધાને સદર આરોપી વિરુધ્ધ પુરતો પુરાવો જણાતા નામ. કોર્ટમાં ચાર્જસીટ કરવામાં આવેલ છે.

(૨) સદર કામે આરોપીની સામે સમન્સ કરવામાં આવેલ પરંતુ આરોપી ધણા સમયથી હાજર રહેલ ન હોય તેમજ પ્રોસેસની બજવણી થઈ શકતી નથી તેવા શેરા સાથે પરત આવેલ ન હોવાથી નામદાર ગુજરાત હાઈકોર્ટના તા.૦૫/૦૭/૨૦૧૬ ના સરકયુલર નં.સી.૨૬૧૮/૧૬ તથા સી.આર.પી.સી.કલમ–૨૯૯ ની જોગવાઈઓ ધ્યાને લેતા આરોપીની ગેરહાજરીમાં પુરાવો નોંધવાનો આંક–૦૧ તળે હુકમ કરવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તથા લેખિત દસ્તાવેજી પુરાવા રજુ થયેલા છે.

**–: મૌખિક /દસ્તાવેજી પુરાવો :–**

| **અનુક્રમ નં.** | **આંક** | **પુરાવાની વિગત** |
|---|---|---|
| ૧ | ૦૪ | ફરીયાદી– છત્રસિંહ રૂપસિંહભાઈ |
| ૨ | ૦૫ | અસલ ફરીયાદ |
| ૩ | ૦૬ | પંચસાહેદ– પ્રતાપભાઈ ઈન્દ્રસિંગભાઈ રાઠવા |
| ૪ | ૦૭ | પંચનામું |
| ૫ | ૦૯ | ડો.સાહેદ– દક્ષેશકુમાર દલપતભાઈ રાઠવા |
| ૬ | ૧૦ | સારવાર સર્ટી. આપવાનો પત્ર |
| ૭ | ૧૧ | ફોર્મ–એ |
| ૮ | ૧૨ | ફોર્મ–બી |
| ૯ | ૧૩ | એમ.એલ.સી. સર્ટી. |
| ૧૦ | ૧૪ | ત.ક.અ.– ગોપાલભાઈ કુબેરભાઈ બારીયા |

ફરીયાદપક્ષે પુરાવો પુરો થતા આરોપી હાજર ન રહેતા આરોપીનું વિશેષ નિવેદન લેવામાં આવેલ નથી. ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી ની તથા આરોપીના વિ.વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવી.

**(૪)** આ કેસના આખરી નિકાલ માટે નીચે મુજબ મુદ્દાઓ ઉપસ્થિત થાય છે,

૧. શું ફરીયાદપક્ષ વ્યાજબી શંકા ન રહે એ રીતે સાબીત કરે છે કે, તા.૦૭/૦૩/૨૦૧૯ ના રોજ ક.૨૦:૦૦ વાગે મોજે હલદી મહુડી નજીક ત્રણ રસ્તા પાસે આ કામના આરોપી વગર પાસ પરમીટે કેફી પીણાનો નશો કરી લથડીયા ખાતા બકવાસ કરતા મળી આવતા આરોપીએ પ્રોહી એકટની કલમ-**૬૬(૧)બી, ૮૫(૧)૩** મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે?

૨. શું હુકમ ?

**(૫)** રજુ થયેલ પુરાવાઓનું કાળજીપુર્વક મુલ્યાંકન કરતા ઉપરોકત મુદ્દાઓના નિર્ણયો નીચે મુજબ કરેલ છે.

**મુદ્દા નં.૧:** નકારમાં.

**મુદ્દા નં.૨ :** આખરી હુકમ મુજબ.

(૬) આ નિર્ણયો કવા માટેના કારણો નીચે મુજબ છે.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નં.૧ :-**

**૧)** ફરીયાદપક્ષે **ફરીયાદી છત્રસિંહ રૂપસિંહભાઈ** નાઓને આંક-૦૪ થી સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ તા.૦૭/૦૩/૨૦૧૯ ના રોજ રંગપુર પો.સ્ટે.મા અ. હે.કો. તરીકે તેઓની ફરજ પર હતા. ત્યારે તેઓના પી.એસ.આઈ. જી.એન.પરમાર સાહેબની સાથે પેટ્રોલીંગમાં હતા. તે વખતે હલ્દી મહુડી નજકી આવતા ત્રણ રસ્તા રોડ ઉપર બે ઈસમ બકવાસ કરતા લથડીયા ખાતા નશા હેઠળ મળી આવતા તેના શરીર સ્થિતીનું પંચનામું કરવા બે પંચોને બોલાવી પંચો રૂબરૂ પકડાયેલ ઈસમનું નામ ઠામ પુછતા તેને પોતાનું નામ-સુખલાલ ભુરસીંગભાઈ જામોદ, રહે. બીજલપુર ૫૩ સાપરી વસ્તી ઈંદોર એમ.પી. નો હોવાનું

જણાવેલ. તેની જીભ તોતડાતી હોય મોઢું સંઘતા દારૂ પીધેલાની પુષ્કળ વાસ આવતી હોય નશામાં હોય અને તેની પાસે નસો કરવા પાસ પરમીટ માંગતા નઈ હોવાનું જણાવેલ. તેની અંગઝડતી કરતા કોઈ ચીજવસ્તુ મળી આવેલ નહી. જેથી આરોપી વિરૂધ્ધ પ્રોહી એકટ ની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧)(૩) મુજબની ફરીયાદ તેઓએ આપેલ. બનાવ ૨૦:૦૦ બનેલ. તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે. તેમા ફરીયાદી તરીકે તેઓની સહી છે.

**૨)** ફરીયાદપક્ષે **પંચસાહેદ પ્રતાપભાઈ ઈન્દ્રસિંગભાઈ** નાઓને આંક–૦૬ થી સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, પોલીસે એક તૈયાર પંચનામામાં સહી કરવાનું કહેતા તેઓએ સહીઓ કરેલ. જે તેઓને બતાવવામાં આવે છે જેમાં પંચ તરીકે પોતાની સહી ઓળખી બતાવે છે. બીજા પંચ તરીકે કોન હતા તેની તેઓને ખબર નથી.

સદર પંચસાહેદ ફરીયાદ હકીકતની મહત્વની બાબતને સમર્થન કરતા ન હોઈ તેમને ફરીયાદ પક્ષે ફરી ગયેલા જાહેર કરવામાં આવેલ અને તેમની ઉલટતપાસ કરેલ હોવા છતાં ફરીયાદ હકીકતને સમર્થન મળે એવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**૩)** ફરીયાદપક્ષે **ડો. સાહેદ દક્ષેશકુમાર દલપતભાઈ રાઠવા** નાઓને આંક–૦૯ થી સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, હાલ તેઓ વડોદરા ઈ.એસ.આઈ હોસ્પીટલમાં ફરજ બજાવે છે. તેઓ તા.૭/૦૩/ ૨૦૧૯ ના રોજ જનરલ હોસ્પીટલ છોટાઉદેપુર ખાતે મેડીકલ ઓફીસર તરીકે હાજર હતા. ત્યારે છોટાઉદેપુર પો.સ્ટે. ના એ.એસ.આઈ. ગોપાલભાઈ કુબેરભાઈ વોલા નાઓના દર્દી નામે સુકલાલ ભુરસીંગ જામોદ નાઓ તેઓની સમક્ષ રાત્રે ૧૦:૫૫ વાગે કેફી પીણુ પીધેલી હાલતમાં પોલીસ યાદી સાથે લાવેલા. દર્દીને તપાસતા તેમના શ્વાસમાં આલ્કોહોલની વાસ આવતી હતી, તેની ભાષા અસામાન્ય હતી અને ચાલ લથડતી હતી, આંખની

કીકી પહોળી થયેલ હતી, જે તેઓના અભિપ્રાય મુજબ ઉકત દર્દી એ આલ્કોહોલ લીધેલ હતો અને તે આલ્કોહોલની અસર તળે હતો. આ દર્દીને લોહી પૃથ્થકરણ તપાસ માટે લેવામાં આવેલ હતુ. જે અંગેનુ તેઓએ તેઓના હસ્તાક્ષરમાં ફોર્મ–'એ ' તૈયાર કરેલુ જેમા તેઓની સહી તથા હોદાનો સીકકો છે તથા આરોપીની સહી તેમની હાજરીમાં કરાવેલી છે. ત્યારબાદ આ દર્દીના લોહીના નમુનાની તપાસ માટે તેઓએ ફોર્મ –'બી' તૈયાર કરેલુ. જે પ્રમાણે તેઓએ લોહીના કલેકશન વખતે સ્ટરાઈલ સીરીંજ વાપરેલી જે ડીસ્પોજેબલ હતી. તેમજ જે ભાગેથી લોહી લેવામાં આવેલ હતું તે ચામડી ઉપર હોટ વોટર સ્વાબ વાપરેલ હતુ. કોઈપણ પ્રકારના આલ્કોહોલ કે તેના સોલ્યુશન તે ભાગ પર ટચ ન થાય તેની કાળજી રાખવામાં આવેલ હતી. તે પછી તેઓએ ૫–એમ.એલ.લોહી ડાબા હાથના ભાગેથી નમુના માટે એક ફીયાલમાં ટ્રાન્સફર કરેલ, જેમા પહેલેથી જ એન્ટી– કોએગ્યુલન્ટ તેમજ પ્રિઝરવેટીવ ઉમેરેલ હતા. અને તેમા લોહી ગંઠાઈ ન જાય તે માટે ઈ.ડી.ટી.એ.ઉમેરેલ. તે પછી ફીયાલમાં એન્ટી–કોએગ્યુલન્ટ અને પ્રિઝરવેટીવ બરાબર ભળી જાય તે માટે તેને બરાબર હલાવેલ હતી. ફીયાલ ને લેબલ કરી વેકસથી શીલ કરી, ફાઈબરની બોટલ રબરના બુચ ધ્વારા પેક કરવામાં આવેલી. જે શીલ કરી જે લેબલમાં એમ.એલ.સી. કેસ નં.૮૪૭ લખેલ જેને શીલ મારીને ફોરવર્ડીંગ લેટર સાથે ચીફ લેબોરેટરી એનાલાઈઝર,એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે રજી.પોસ્ટ એ.ડી. ધ્વારા ફોરવર્ડીંગ લેટર સાથે તેઓના વિભાગ ધ્વારા મોકલેલ અને તે અંગેનુ ફોર્મ–'બી' તૈયાર કરેલુ. જે અસલ ફોર્મ–'બી' માં તેઓની કચેરીનુ શીલ તથા સીકકો તથા તેઓની સહી છે તે તેઓ ઓળખી બતાવે છે. ત્યારબાદ તેઓની વડોદરા ખાતે બદલી થતા અને હોસ્પીટલ ખાતે સમાર કામ ચાલતુ હોવાથી એફ.એલ.એલ. ગાંધીનગર તરફથી તેઓને લોહીના પૃથ્થકરણ બાબતેનું

પ્રોહીબીશન પઝેશનનુ ફોર્મ–'સી' મળેલ નથી. આ દર્દીને એમ.એલ.સી.નં. ૮૪૭/૨૦૧૭ થી તપાસેલો. જે અસલ કેસ પેપર તેઓ ના સ્વ–હસ્તાક્ષરમાં લખેલ છે. તેઓની સમક્ષ લાવવામાં આવેલ આરોપી સુકલાલ પ્રાથમિક રીતે જોતા આલ્કોહોલ ની અસર નીચે હતો. આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી. કલમ–૨૯૯ મુજબ કેસ ચલાવવા હુકમ થયેલ છે.

૪) ફરીયાદપક્ષે **ત.ક.અ. ગોપાલભાઈ કુબેરભાઈ બારીયા** નાઓને આંક –૧૪ થી સોગંદ પર તપાસેલ છે જેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓ તા. ૦૭/૦૩/૨૦૧૯ રોજ રંગપુર પો.સ્ટે. મા એ.એસ.આઈ તરીકે તેઓની ફરજ પર હતા. ત્યારે તેઓના પો.સ્ટે. ના અ.પો.કો. છત્રસિંહ રૂપસીંગ નાઓએ આરોપી સુખલાલભાઈ ભુરસીંગભાઈ જામોદ વિરૂધ્ધ પ્રોહી એક્ટની કલમ ૬૬ (૧)(બી), ૮૫(૧)(૩) મુજબની ફરીયાદ નોંધાયેલ. જે ગુનો રંગપુર પો.સ્ટે થર્ડ ગુના રજી. નં ૩૮/૧૯ થી નોંધાયોલ. જે ગુનાની તપાસ તેઓની તરફ આરોપી સાથે આવતા તપાસ તેઓએ જાતે સંભાળેલી અને આરોપીને અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલી. અને તપાસના કામે આરોપી ને મેડીકલ સેમ્પલ લેવા તપાસ માટે સી.એચ.સી છોટાઉદેપુર ખાતે મોકલી આપેલ. આરોપી જે તે વખતે નશાની હાલતમાં જણાયેલો અને તપાસના કામે રેકોર્ડ જોતા ફોર્મ સી જે આરોપીના શરીરમાં આલ્કોહોલની માત્રા જણાવે છે તેનો રીપોર્ટ આ કામે સામેલ નથી અને હાલ માં તેઓ નિવૃત થઈ ગયેલ હોય એફ.એસ.એલ. માંથી મેળવી રજુ કરી શકે તેમ નથી. જેથી સદર આરોપીએ આલ્કોહોલીક પદાર્થનુ સેવન કરેલાનુ જણાઈ આવતા અને આરોપી પાસે દારૂનું સેવન કરવાની કોઈ પરવાનગી ન હોય. આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલી.

૫) આમ, સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરતા પંચસાહેદ પ્રતાપભાઈ ઈન્દ્રસિંગભાઈ નાઓએ માત્ર તૈયાર પંચનામામાં પોતાની સહી કરી તે સિવાય કોઈ કાર્યવાહી આંક–૦૭ થી રજૂ પંચનામામાં કરેલ ન હોવાનું

જણાવતા વિ.એ.પી.પી. શ્રીએ તેઓને હોસ્ટાઈલ જાહેર કરેલ છે. આમ, પંચની હાજરીમાં પંચનામાની વિગતે આરોપી વગર પાસ પરમીટે કેફી પીણાનો નશો કરી લથડીયા ખાતા બકવાસ કરતા મળી આવેલ હોવાની હકીકત સાબીત થયેલ નથી. પંચને ખોટા માનવા કોઈ કારણ ઉપસ્થિત થતું નથી. આ કામે પોલીસ સાહેદો સીવાય અન્ય કોઈ સાહેદોને તપાસવામાં આવેલા નથી. તેમજ સદર કામના ત.ક.અ. ગોપાલભાઈ કુબેરભાઈ બારીયા નાઓએ ગુનાની તપાસ તેઓની તરફ આરોપી સાથે આવતા તપાસ તેઓએ જાતે સંભાળેલી અને આરોપીને અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલી. અને તપાસના કામે આરોપી ને મેડીકલ સેમ્પલ લેવા તપાસ માટે સી.એચ.સી. છોટાઉદેપુર ખાતે મોકલી આપેલ. આરોપી જે તે વખતે નશાની હાલતમાં જણાયેલો અને તપાસના કામે રેકોર્ડ જોતા ફોર્મ સી જે આરોપીના શરીરમાં આલ્કોહોલની માત્રા જણાવે છે તેનો રીપોર્ટ આ કામે સામેલ નથી અને હાલમાં તેઓ નિવૃત થઈ ગયેલ હોય એફ.એસ.એલ. માંથી મેળવી રજુ કરી શકે તેમ નથી. જેથી સદર આરોપીએ આલ્કોહોલીક પદાર્થનુ સેવન કરેલાનુ જણાઈ આવતા અને આરોપી પાસે દારૂનું સેવન કરવાની કોઈ પરવાનગી ન હોય આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા જણાતા નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલી હોવાનું જણાવેલ છે. સદર કામે ડો. સાહેદ દક્ષેશકુમાર દલપતભાઈ રાઠવા નાઓને તપાસવામાં આવેલા છે. જેઓએ તેઓની સોગંદપરની જુબાનીમાં દર્દી ને તપાસતા તેમના શ્વાસમાં આલ્કો હોલની વાસ આવતી હતી, તેની ભાષા અસામાન્ય હતી અને ચાલ લથડતી હતી, આંખની કીકી પહોળી થયેલ હતી, જે તેઓના અભિપ્રાય મુજબ ઉકત દર્દીએ આલ્કોહોલ લીધેલ હતો અને તે આલ્કોહોલની અસર તળે હતો તેમ જણાવેલ છે. પરંતુ આંક-૧૧ વાળુ ડો. આપેલ સર્ટીફિકેટ જોવામાં આવે તો તેમાં શ્વાસમાં આલ્કોહોલની વાસ ન હતી, તેની ભાષા સામાન્ય હતી, આંખની કીકી સામાન્ય હતી. તેમજ અભિપ્રાય મુજબ દર્દીએ આલ્કોહોલ લીધેલ ન હોવાનું જણાય આવે છે. આમ, સદર ડો. સાહેદની જુબાની અને આંક-૧૧ વાળા સર્ટીફિકેટમાં મહત્વનો વિરોધાભાસ જણાય આવેલ છે.

વધુમાં સદર કામે આરોપીના લોહીનો રીપોર્ટ જે ફોર્મ–સી સદર કામે રજુ કરેલ નથી. જેથી આરોપીના લોહીમાં આલ્કોહોલની માત્રા હતી કે કેમ? તે સાબિત થયેલ નથી. જેથી આરોપીએ કેફી પીણું પીધેલ હોય તેવો કોઈ પુરાવો ફરીયાદપક્ષ સદર કામે રજુ કરી શકેલ નથી માટે મુદા નં.૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

**મુદા નં.૨ :–**

મુદા નં.૧ ના નિર્ણયને આધીન મુદા નં.૨ ના નિર્ણય તરીકે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

**(૧)** ક્રિ.પ્રો.કોડની કલમ–૨૪૮(૧) અન્વયે આ કેસના આરોપી **સુખલાલ ભુરસીંગભાઈ જામોદ,** ઉ.વ.આ. ૪૫, રહે. બીજલપુરની પાસે,૫૩ છાપરી વસ્તી બીજલપુર ઈંદોર, જી.ઈંદોર(એમ.પી.)નાઓને તેની સામેનો બોમ્બે પ્રોહિબીશન એકટની કલમ–**૬૬(૧)બી, ૮૫(૧)૩** મુજબનો શિક્ષા પાત્ર ગુનાનો આરોપ ના સાબીત માની નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** સદર કામે ક્રિ.પ્રો.કોડની કલમ–૩૫૩(૬) મુજબ આરોપીની ગેર હાજરીમાં હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તા.૦૨ જી, માહે: મે, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી મારી સહી કરી જાહેર કરવામાં આવેલ છે.**

તા.૦૨–૦૫–૨૦૨૬ **(અમિષ પ્રફુલચંદ્ર જોષી)**
સ્થળ: છોટાઉદેપુર અધિક જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
છોટાઉદેપુર
જજ કોડ : જીજે–૦૧૪૪૬